# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

**કારેલીબાગ, વુડા સર્કલ,વડોદરા ખાતે આવેલ રાત્રી બજારની નાની-મોટી દુકાનો ત્રણ(૩)વર્ષની મુદત માટે જાહેર હરાજીથી મેળવવાની અમુલ્ય તક.**

કારેલીબાગ, વુડા સર્કલ ,વડોદરા ખાતે આવેલ રાત્રી બજારની નાની-મોટી મળી કુલ=૧૭ દુકાનો જાહેર હરાજીથી વાર્ષિક વાપર ઉપયોગ ફી નક્કી કરી ત્રણ (૩)વર્ષની મુદ્દત માટે ફાળવણી કરવાની હોઇ રસ ધરાવતી વ્યકિતઓ/ સંસ્થાઓ પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં | દુકાનનો પ્રકાર | ડીપોઝીટની રકમ | અપસેટ વેલ્યુ | દુકાન નંબર/અનામત કેટેગરી |
|---|---|---|---|---|
| ૧ | નાની દુકાન | રૂા.૧.૫૦ લાખ | રૂા.૧.૫૦ લાખ | દુકાન .નં.- ૧,૯,૧૦,૨૬(જનરલ કેટેગરી) , દુકાન નં.૨૮(એસ.સી.) , દુકાન નં. ૨૯(એસ.ટી) કુલ= ૬ |
| ૨ | મોટી દુકાન | રૂા.૩.૦૦ લાખ | રૂા.૩.૦૦ લાખ | દુકાન.નં.-૧ થી ૩, ૫ થી ૬ તથા ૮ થી ૧૨ (જનરલ કેટેગરી), ૪ (એસ.સી) કુલ= ૧૧ |

નિયત નમુનાનું અરજી પત્રક જમીન મિલ્કત(કોમર્શીયલ શાખા)ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન મેળવી શકાશે.અરજી પત્રક તથા શરતો ઉપરોક્ત વેબસાઇટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના બે દિવસ બાદ જોઇ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે. ભરેલા અરજીપત્રકો ડીપોઝીટ સાથે જરૂરી પુરાવા સહીત તા.૧૬/૨/૨૦૨૨સુધી ઓફીસ સમય દરમ્યાન ‘આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રી ,રૂમ નં: ૨૦૩, જમીન મિલ્કત શાખા(કોર્મ),વડોદરા મહાનગર પાલિકા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ,રાજમહેલ રોડ,વડોદરાને’મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

**પી.આર.ઓ.નં. ૯૫૭ /૨૧- ૨૨.** ખાતાધિકારી (L&E)

# વડોદરા મહાનગરપાલિકા

ફોર્મ નંબર:

ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧.
ફોન નંબર : (૦૨૬૫) ૨૪૩૩૧૧૬,૨૪૩૩૩૮૮.


---

રાત્રીબજાર ,વુડા સર્કલ પાસે,કારેલીબાગ વડોદરાની દુકાનોની જાહેર હરાજીમાં ભાગ લેવા ઉમેદવારી નોંધાવવા બાબતનું અરજીપત્રક.

પાસપોર્ટ સાઈઝ ફોટો

૧. વિભાગનો નંબર/નામ (પરિશિષ્ટ-અ (૪૯) પૈકી) : ----------------------------------------

૨. અરજદારનું નામ : -------------------------------------------------------

૩. અરજદારનું સરનામું :-------------------------------------------------------
-------------------------------------------------------
-------------------------------------------------------

૪. અરજદારનો સંપર્ક નંબર : ૧. (ઓફીસ) નંબર: ----------------------
૨. મોબાઈલ નંબર: -----------------------

૫. જાતિ (લાગુ પડતું હોય તો ખરી નકલ બીડવી) : -------------------------------------------------------

૬. હાલના ધંધાનું નામ/સરનામું : -------------------------------------------------
-------------------------------------------------

૭. આરોગ્ય પરવાનો ધરાવે છે કે કેમ? (આરોગ્ય પરવાનો ધરાવતા હોય તો ખરી નકલ બીડવી) : -------------------------------------------------

૮. ડીપોઝીટ ભરેલ રકમની વિગત (ડી.ડી./બેંકર્સ ચેક / રસીદ નંબર/તારીખ : -------------------------------------------------

૯. રજુ કરેલ પુરાવાની યાદી : -------------------------------------------------
-------------------------------------------------
-------------------------------------------------

## -: સોગંદનામું :-

ઉપર જણાવેલી તમામ હકીકતો મારા જાણવા તથા માનવા પ્રમાણે બરાબર છે. જો રજુ કરેલ હકીકતો પૈકી કોઇ હકીકત ખોટી માલુમ પડશે તો વડોદરા મહાનગરપાલિકા જે કાંઇ નિર્ણય લેશે તે મને બંધનકર્તા રહેશે. રાત્રી બજાર વડોદરાની જાહેર હરાજીમાં ભાગ લેવાની આ સાથે મને મળેલ શરતો વાંચી, સમજી, વિચારી અરજી કરેલ છે.

તારીખ:- --------------
સ્થળ:- --------------

-------------------------------------
(અરજદાર/ સંસ્થાની સહી-સિક્કા)

શરતો આ સાથે સામેલ છે.

**પરિશિષ્ટ-અ**

રાત્રી બજાર, કારેલીબાગમાં આવેલ દુકાનોની જાહેર હરાજી દ્વારા વાર્ષિક વાપર ઉપયોગ ફી નકકી કરી જે તે દુકાનની ફાળવણી નીચે જણાવ્યા મુજબની શરતોએ કરવામાં આવે છે.

(૧) મોટી દુકાન =૧૧

(૨) નાની દુકાનો =૦૬

(૩) રાત્રી બજારનો સમય સાંજના ૫.૦૦ કલાક થી રાત્રીના ૧.૦૦ કલાક સુધી ચાલુ રાખવા મંજુરી આપવામાં આવશે.તેમજ વડોદરા મહાનગર પાલિકા તથા પોલીસ કમિશનરશ્રી વખતો વખત જે સમય નક્કી કરે તે રહેશે.

(૪) રાત્રી બજારના સ્થળે માંસાહાર /ઈંડા (Non-Veg) ની આઈટમ બનાવી શકાશે નહી તથા વેચી શકાશે નહી.

(૫) ફક્ત શાકાહારી વસ્તુઓ /આઈટમો બનાવી શકાશે તથા વેચી શકાશે.

(૬) નાની-મોટી દુકાનો માટે હરાજીમાં સફળ થયેલ ઉમેદવારે વ્યક્તિ/સંસ્થા/પેઢી એ આરોગ્યને લગતા પરવાનો/હેલ્થ લાઇસન્સ મેળવી લેવાનો રહેશે તેમજ ફૂડ સેફ્ટી એક્ટના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) દુકાનની ફાળવણી ત્રણ વર્ષની મુદ્દત માટે કરવામાં આવશે.

(૮) સદર દુકાનની ફાળવણી માટે પ્રથમ વર્ષની વાપર ઉપયોગ ફી ની રકમ એડવાન્સમાં જમા કરાવવાની રહેશે.જે રકમ જમા કરાવ્યા બાદ દુકાનનો કબજો સોંપવામાં આવશે.

(૯) કબજો સ્વીકાર્યા તારીખથી પ્રથમ વર્ષની શરૂઆત ગણવામાં આવશે.

(૧૦) દર વર્ષે વાર્ષિક ભાડા /વાપર ઉપયોગ ફી ના દરમાં ૧૦% વધારો કરવામાં આવશે.

(૧૧) હરાજીમાં સફળ થનારે કબજો મળ્યા તારીખથી એક માસમાં ભાડા કરાર કરાવી લેવાનો રહેશે.

(૧૨) ફાળવેલ રાત્રી બજારની દુકાનની વાર્ષિક વાપર ઉપયોગ ફી કબજો સોંપ્યા તારીખથી એક વર્ષની ગણાશે.ત્યાર બાદ દર વર્ષે અગાઉના વર્ષ માટેની વાર્ષિક વાપર ઉપયોગ ફીમાં ૧૦% વધારો કરવામાં આવશે.અને તે મુજબની વાપર ઉપયોગ ફી વર્ષની શરૂઆતના ૧૫ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે.મુદ્દત બાદ વાર્ષિક ૧૮% મુજબ વ્યાજ વસુલવામાં આવશે

(૧૩) રાત્રી બજારના જે તે દુકાનના તમામ પરવાનેદારે મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ કરવેરા,પાણીચાર્જ ,સફાઈચાર્જ, કન્ઝરવન્સી ટેક્ષ ,વ્યવસાય વેરો તેમજ ભરવાપાત્ર થતા રાજ્ય સરકારના વેરા (દા.ત.GST) વિગેરે ભરપાઈ કરવાના રહેશે.

(૧૪) રાત્રી બજારમાં ફાળવેલ દુકાનનો કબજો અધવચ્ચેથી પરત સોંપવાના કિસ્સામાં પરવાનેદારે કબ્જો સોપ્યા તારીખથી એક વર્ષના અંત સુધી એટલે કે પ્રથમ વર્ષ ફરજીયાત દુકાન ચલાવવી પડશે.ત્યાર બાદ બીજા વર્ષથી ગમે ત્યારે દુકાન પરત કરી શક્શે.જે માટે દુકાન પરત કરવા લેખિત અરજી કર્યા તારીખ સુધીનું ભાડું/ વાપર ઉપયોગ ફી ભરવાની રહેશે. તેમ ભરવાથી જો ચૂકશે તો તેઓની જમા રહેલ ડિપોઝીટમાંથી બાકી પડતી વાપર ઉપયોગ ફી,વેરા જેવા કે મ્યુ.ટેક્ષ,વ્યવસાયવેરો ,લાઈટ બીલ તેમજ રાજ્ય સરકારશ્રીના વેરા જેવા કે જી.એસ.ટી વગેરે વસુલ લેવામાં આવશે.વસુલી બાદ બાકી રહેલ રકમ પરત કરવામાં આવશે.

(૧૫) જાહેર આરોગ્ય/સ્વચ્છતા /ધાર્મિક લાગણીના કારણોસર દુકાનોની ફાળવણી મ્યુનિસીપલ કમિશનરશ્રી રદ કરી શકશે. તેમાં કોઈ વાદ – વિવાદ ચાલશે નહિ.

(૧૬) સલામતી સુરક્ષા માટે જે જે સગવડો રાત્રી બજારના સ્થળે ઉભી કરવામાં આવે તેની વ્યવસ્થા/ મેઈન્ટેનન્સ માટે જે નક્કી થાય તે ખર્ચ જે તે પરવાનેદારોએ સરખે ભાગે ભોગવવાના રહેશે.

(૧૭) દરેક સ્ટોલમાં આરોગ્યને લાયક જાહેર સુખાકારીનો પહેરવેશ/ગણવેશ ફરજીયાત રહેશે.

(૧૮) આગ લાગવાના પ્રસંગે તાત્કાલિક પ્રાથમિક સુવિધા માટે ફાળવેલ દુકાનમાં ફાયર સેફ્ટીના સાધન પરવાનેદારે સ્વખર્ચે વસાવવાના રહેશે.

(૧૯) રાત્રી બજારના સ્થળે પરવાનેદાર કે તેમના નોકરો,મેનેજરો વગેરેના અકસ્માતથી થતા નુકશાન વિગેરેની જવાબદારી પરવાનેદારની રહેશે.વડોદરા મહાનગર પાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી

(૨૦) રાત્રી બજારમાં ફાળવેલ દુકાનની આજુબાજુ ગંદકી ન થાય તે માટે પરવાનેદારે પુરતી કાળજી લેવાની રહેશે.અને સફાઈના ધારા-ધોરણો જળવાઈ રહે તે માટે ખાસ બંધ બોડીના ડસ્ટબીન મુકવાના રહેશે.તથા તેના માટે સુચના બોર્ડ દુકાને લગાવવાનું રહેશે.

(૨૧) રાત્રીબજારમાં સાફ સફાઈની વ્યવસ્થા પરવાનેદારે આઉટ સોર્સિંગથી કરવાની રહેશે.

(૨૨) રાત્રી બજારમાં પરવાના કરારની મુદત દરમ્યાન કોઈ કુદરતી આપતિ કે હોનારત સર્જાય ત્યારે કોઈ પણ જાનહાની કે નુકશાન થાય તેની જવાબદારી વડોદરા મહાનગરપાલિકાની રહેશે નહી.

(૨૩) પરવાનેદાર પોતાને ફાળવેલ દુકાન ઉપર દુકાનના નામનું એક જ બોર્ડ બાજુની દુકાનને નડતરરૂપ ન થાય તે રીતે લગાડી શકશે.આ દુકાન ઉપર દુકાન નંબર ફરજીયાત પણે લખવાનો રહેશે.

(૨૪) પરવાનેદારને ફાળવેલ /કબજો સોંપેલ દુકાનનું લાઈટબીલ ભરવાની જવાબદારી કબજેદારની પોતાની રહેશે. તેમજ રાત્રી બજારના કોમન લાઈટબીલ ભરવાની જવાબદારી તમામ કબજેદારની સરખે ભાગે રહેશે.વડોદરા મહાનગરપાલિકા ની લાઈટબીલ ભરવાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૨૫) રાત્રી બજારમાં ફાળવેલમાં આવેલ દુકાનમાં થ્રી-ફેઝ વીજ કનેકશનની જરૂરિયાત હોય તેવા પરવાનેદારને અત્રેથી માત્ર એન.ઓ.સી આપવામાં આવશે. એમ.જી.વી.સી .એલ પાસેથી લાઈટનું વીજ કનેક્શન પરવાનેદારે અલગથી સ્વખર્ચે મેળવવાનું રહેશે.વીજ બીલ ભરવાની તમામ જવાબદારી પરવાનેદારેની રહેશે .આ અંગે વડોદરા મહાનગર પાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૨૬) રાત્રી બજારની પ્રત્યેક દુકાન માટેની સિક્યોરીટી ડીપોઝીટની રકમ વડોદરા મહાનગર પાલિકામાં જમા રહેશે જે પરવાનો પૂરો થયા બાદ માંગણી આવ્યેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે.

(૨૭) વડોદરા મહાનગર પાલિકાને પરવાના કરાર દરમ્યાન પબ્લીક ઇન્ટરેસ્ટ માટે અગર અન્ય કોઈ કારણસર જરૂર પડે તો ટૂંકી નોટીસ આપી કરાર રદ કરી શકશે.તથા તેવા પ્રસંગે પરવાનેદારને કોઇપણ જાતનું વળતર કે નુકશાની માંગવાનો હક્ક ,અધિકાર રહેશે નહી.તેમજ તેઓને આપેલ દુકાનનો કબજો પરત લેવામાં આવશે.

(૨૮) ફાળવણી કરેલ રાત્રી બજારની દુકાનમાં વપરાશ દરમ્યાન કોઈ નુકશાન થયેલ હશે તો તેનું મરામત કરી આપવાની સંપૂર્ણ જવાબદારી પરવાનેદારની રહેશે તેમ ન કરવામાં આવેતો તેઓએ જમા કરાવેલ ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે.

(૨૯) પરવાનાની મુદત પૂરી થયેથી કોઈ પણ જાતની નોટીસ આપ્યા વગર પરવાનો સમાપ્ત થયેલ ગણાશે.આ અંગે કોઈ પણ કાનુની હસ્તક્ષેપ કરવાનો હક્ક ,દાવો,અધિકાર પરવાનેદારને રહેશે નહી.તેમજ વિના વિવાદે કબજો પરત સોંપવાનો રહેશે.અને કબજો સોંપતી વખતે કોઈ પણ જાતના બાકી પડતા વેરા જેવા કે મ્યુ.ટેક્ષ ,વ્યવસાય વેરો ,લાઈટબીલ તેમજ રાજ્ય સરકારના વેરા જેવાકે GST વગેરના નાણાં જમા કરાવેલ ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે.

(૩૦) રાત્રી બજારમાં ફાળવવામાં આવેલ દુકાન બાબતે પરવાનેદાર સામે ત્રાહિત વ્યક્તિ કે સંસ્થા દ્વારા કોર્ટમાં દાવાદુવી કરે તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદારની રહેશે.ન્યાય નિર્ણય માટે જ્યુરીસડીકશન વડોદરા કોર્ટનું રહેશે.

(૩૧) ફૂડ સેફ્ટી એક્ટના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૨) રાત્રી બજારના ઓપરેટ એન્ડ મેઈન્ટેનન્સ (O&M) ના મોટી દુકાનોના માસિક રૂ.૨૫૦/-અને નાની દુકાનો માટે રૂ.૨૫૦/-માસિક મુજબ એડવાન્સમાં આખા વર્ષના જમા કરાવવાના રહેશે.

(૩૩) રાત્રી બજારમાં સફળ થનાર પરવાનેદાર પોતાને ફાળવેલ સ્ટોલ અત્રેની પૂર્વ મંજુરી વગર અન્ય કોઈ પણ ઈસમને ટ્રાન્સફર કરી શકશે નહિ,જો તેમ જણાઈ આવશે તો અત્રેથી આપેલ ફાળવણી પત્ર રદ કરવામાં આવશે તેમજ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને કબજો તુર્તજ પરત લેવામાં આવશે.

(૩૪) સમગ્ર સભા ઠરાવ અંક .૫૫૦/તા.૨૭-૦૧-૧૯૮૯ મુજબ ,

(અ) ૧૦ % મુજબ - ૭ ટકા અનુસુચિત જાતિ/જન જાતિ માટે તથા ૩% બક્ષીપંચમાં આવરી લેવાયેલી તમામ જાતિઓ માટે અનામત રાખવાની રહેશે.

(બ) અનામત રાખેલી દુકાનો પૈકી કોઈ પછાત વર્ગનો અરજદાર હક્કદાર ,માંગણીદાર ન હોઈ તો એ માટે ફરીથી એક વખત જાહેરાત આપી અરજીઓ મંગાવવી ,અને તેમાંથી નિર્ણય કરવો,પરંતુ બીજી વખત એવો કોઈ અરજદાર ન હોય,અથવા માંગણીદાર ન હોઈ તો જનરલ કેટેગરીમાં જણાવેલ વ્યવસ્થા પ્રમાણે ફાળવવામાં આવશે.આ અંગે કોઈ વાદવિવાદ ચાલશે નહિ.

(ક) પછાત જાતિના અરજદારોએ સરકારશ્રીના સમાજ કલ્યાણ અધિકારીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે અવશ્ય રજુ કરવું પડશે.

(૩૫) રાત્રી બજારમાં તંબાકુની (Tobacco) તમામ પ્રકારની બનાવટોનું તેમજ પડીકી તથા ગુટખાનું અને કોઇપણ કાયદાકીય પ્રતિબંધિત ચીજ વસ્તુઓનું વેચાણ કરી શકશે નહી.

(૩૬) રાત્રી બજારની પ્રત્યેક નાની દુકાન માટે સિક્યોરીટી ડીપોઝીટની રકમ રૂ.૧,૫૦,૦૦૦/-રહેશે. અને પ્રત્યેક મોટી દુકાન માટે સિક્યોરીટી ડીપોઝીટની રકમ રૂ.૩,૦૦,૦૦૦/-રહેશે.

(૩૭) રાત્રી બજારની પ્રત્યેક નાની દુકાન માટે મીનીમમ અપસેટ વેલ્યુ, વાર્ષિક ભાડું નક્કી કરવા માટે રૂ.૧,૫૦,૦૦૦/-રહેશે. અને પ્રત્યેક મોટી દુકાન માટે મીનીમમ અપસેટ વેલ્યુ ,વાર્ષિક ભાડું નક્કી કરવા માટે રૂ.૩,૦૦,૦૦૦/-રહેશે.

(૩૮) અનામત જાતિઓ માટે રીઝર્વ રાખેલ દુકાન માટે અરજી કરનાર વ્યક્તિ/સંસ્થાએ તાલુકા મામલતદારશ્રી અથવા તેનાથી ઉપલી કક્ષાના સરકારશ્રીના અધિકારીશ્રીનું જાતિ અંગેનું પ્રમાણપત્રની ખરી નકલ અરજી સાથે જોડવાની રહેશે.અધૂરા પુરાવા અથવા સિક્યોરીટી ડીપોઝીટની રકમના ડી.ડી /બેંકર્સ ચેક સિવાયની અરજીઓ રદ બાતલ ગણવામાં આવશે.

(૩૯) ફાળવવામાં આવેલ દુકાનમાં કોઈ પણ પ્રકારનું વધારાનું બાંધકામ કરી શકશે નહી .તથા દુકાનની બહાર વધારાના કાઉન્ટર /ટેબલ મુકી ધંધો કરી શકશે નહિ તથા અન્ય કોઈ વ્યક્તિને ધંધો કરવા માટે ઉભો રહેવા દેવામાં આવશે નહિ .

(૪૦) અરજીપત્રક તથા જરૂરી શરતોની યાદી ઉપરોક્ત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે અથવા રૂમ નંબર-૨૦૩,જમીન મિલકત (કોમર્શિયલ) શાખા,વડોદરા મહાનગરપાલિકા,ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ,વડોદરા ખાતેથી મેળવી શકાશે તથા જોઈ શકાશે.

(૪૧) ડિમાન્ડ ડ્રાફ્ટ /બેંકર્સ ચેક "મ્યુનિસિપલ કમિશનર ,વડોદરા"ના નામનો રજુ કરવાનો રહેશે.

(૪૨) કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય અરજી ના મંજુર કરવાનો,હરાજી રદ કરવાનો અધિકાર મ્યુનિસિપલ કમિશનરશ્રી ને અબાધિત રહેશે.

(૪૩) ભરેલા અરજીપત્રક તથા ડીપોઝીટની પાવતી તા.૧૬/૦૨/૨૦૨૨ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન "આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રી,રૂમ નંબર-૨૦૩,જમીન મિલકત (કોમર્શિયલ) શાખા,વડોદરા મહાનગરપાલિકા, ખંડેરાવ માર્કેટ બીલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧" ને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.સમય મર્યાદા બહારની અરજીઓ રદ બાતલ ગણવામાં આવશે.

(૪૪) વડોદરા મહાનગરપાલિકા ધ્વારા નક્કી કરવામાં આવેલ ફાળવણીની શરતો/નક્કી કરશે તે શરતો હરાજીમાં ભાગ લેનાર /સફળ થનારને બંધનકર્તા રહેશે.

(૪૫) અરજીપત્રક સાથે જોડવાના પુરાવાની યાદી :-
(૧) ડીપોઝીટની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ /બેંકર્સ ચેક રસીદ.
(૨) જાતિ અંગેનું પ્રમાણપત્ર (અનામત કેટેગરીમાં દુકાન મેળવવા અરજી કરનાર માટે લાગુ પડશે )
(૩) ઓળખનો પુરાવો.
(૪) રહેઠાણનો પુરાવો.
(૫) મિલકત વેરાના બીલની ઝેરોક્ષ .

(૪૬) ઉમેદવારે જે વિભાગ માટે અરજી કરી હશે તે જ વિભાગમાં ઉમેદવારને હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે.એકથી વધુ વિભાગમાં હરાજીમાં ભાગ લેવા અરજદારે વિભાગ વાઈઝ અલગ અલગ અરજી કરવાની રહેશે.તથા દરેક અરજી સાથે અલગ અલગ ડીપોઝીટની રકમ ભરવી પડશે.

(૪૭) રાત્રી બજારમાં પ્રાઇવેટ સિક્યુરીટીની વ્યવસ્થા પરવાનેદારોએ કરવાની રહેશે.

(૪૮) જે કોઈ પણ દુકાનદાર/પરવાનેદાર દુકાન પેટા ભાડે આપશે તો દોઢું ભાડું વસુલ કરવામાં આવશે અને કબજો પરત લઇ લેવામાં આવશે અને ફાળવણી રદ થશે.

(૪૯) રાત્રી બજારમાં આવેલ નાની-મોટી દુકાનો નીચે મુજબ અનામત તથા બિન-અનામત રહેશે.

| અ. નં. | વિભાગનું નામ | દુકાનની વિગત | અનામતનું ધોરણ | દુકાનની સંખ્યા | દુકાન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | વિભાગ-૧ | મોટી દુકાન | બિન અનામત | ૧૦ | ૧ થી ૩ , ૫ થી ૬ તથા ૮ થી ૧૨ |
| ૨ | વિભાગ-૨ | મોટી દુકાન | એસ.સી. | ૧ | ૪ |
| ૩ | વિભાગ-૩ | નાની દુકાન | બિન અનામત | ૪ | ૧,૯,૧૦,૨૬ |
| ૪ | વિભાગ-૪ | નાની દુકાન | સા.શૈ.પછાત | ૦ | ૦ |
| ૫ | વિભાગ-૫ | નાની દુકાન | એસ.સી. | ૧ | ૨૮ |
| ૬ | વિભાગ-૬ | નાની દુકાન | એસ.ટી. | ૧ | ૨૯ |
| | | | કુલ દુકાનો | ૧૭ | |

ઉપરોકત તમામ શરતો અમોએ વાંચી તથા સમજી સહી કરેલ છે.

નામ: ......................................

સહી :......................................